Chapter. 6

# પ્રકરણ – ૬

# ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચનકાર્યના અન્ય સમીક્ષકો: નોંધો અને તારણો

# પ્રકરણ : ૬ : ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચનકાર્યના અન્ય સમીક્ષકો : નોંધો અને તારણો.

પ્રસ્તુત પ્રકરણમાં મેં વિવેચકના વિવેચનસંગ્રહોની અન્ય વિવેચકોએ કરેલી સમીક્ષાઓને સળંગ સૂત્રરૂપે નોંધીને અંતે તેમનાં વિષેનાં મારાં તારણો રજૂ કર્યા છે.

વિવેચકનાં પુસ્તકો અને વિવેચનકાર્ય વિશે અન્ય સમીક્ષકોએ પોતાનાં નિરીક્ષણો રજૂ કર્યાં છે. જુદાં જુદાં સામયિકો અને પુસ્તકોમાંથી શક્ય એટલી સમીક્ષાઓ મેળવી છે. વિવેચકના કાર્યને તપાસવાનાં સમીક્ષકનાં[૧] ભૂમિકા, પદ્ધતિ, તારણો, મંતવ્યો અને મૂલ્યાંકનોને લક્ષમાં રાખી એ સમીક્ષાઓની આ વિભાગ અંતર્ગત નોંધ લીધી છે. મારા સંશોધનનિબંધના નિશ્ચિત અભ્યાસક્ષેત્રમાંથી અન્ય લેખકોની સમીક્ષાઓને વસ્તુલક્ષિતાનું ધોરણ સ્વીકારતાં બાકાત રાખી હતી. આ સામગ્રીની પણ ઉચિત નોંધ લેવાવી જરૂરી છે. તેથી આ પ્રકરણમાં એ સમીક્ષાઓ વિશેની ચર્ચાને આવરી લીધી છે. વિવેચકનાં પુસ્તકોના પ્રકાશન અનુસાર કાલાનુક્રમે એમની સમીક્ષાઓની નોંધ લીધી છે.

વિવેચકના પુસ્તક **'અપરિચિત अ અપરિચિત ब'** વિશે **જયંત કોઠારી**[૨] એ નોંધ કરી છે. વિવેચકની સૈદ્ધાંતિક ભૂમિકા લેખકે[૨] દર્શાવી છે. સમીક્ષકે પુસ્તકના વિભાગો અને સામગ્રીનો પરિચય આપ્યો છે. વિવેચકના ભાષાલક્ષી અભિગમને એમની સિદ્ધાંતચર્ચામાંથી તારવ્યો છે. વિવેચકના વિધાનો રજૂ કરીને ભાષા સંદર્ભે રજૂ થયેલાં વિચારો પ્રમાણ્યાં છે. ભાષા પહેલાં અને અનુભવ પછી એવો ક્રમ સ્વીકારી ભાષાકર્મની મહત્તા સ્થાપી અર્થઘટનની પ્રવૃત્તિ સામે વાંધો ઉઠાવતા અને ભાષાસંવેદનનો સમૂળગો છેદ ઊડાવતા વિવેચકના અંતિમવાદી વિચારવલણો અને વિધાનોને સમીક્ષક શિથિલ, અસ્પષ્ટ અને વિસંગતિયુક્ત

---

૧. આ વિભાગમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા માટે 'વિવેચક' અને અન્ય વિવેચકો માટે 'સમીક્ષક' શબ્દ અભ્યાસની સળંગસૂત્રતા જાળવી રાખવાના હેતુથી પ્રયોજ્યો છે.

૨. વિવેચનનું વિવેચન-જયંત કોઠારી (પ્ર.આ.સપ્ટેમ્બર-૧૯૭૬) 'વિવેચનની નવતર મુદ્રા' પૃ -૧૫૮-૧૭૦

ગણ્યાં છે. વિવેચકના લખાણોમાંના વિરોધાભાસો એમણે દર્શાવ્યાં છે. કૃતિલક્ષી વિવેચનમાં વિવેચકનાં ઉચિત સ્વકીય નિરીક્ષણોની નોંધ લીધી છે. પુસ્તકની મુદ્રણ અશુદ્ધિઓ અને વિગતદોષો ધ્યાનમાં લીધા છે.

સમીક્ષકની આ પુસ્તક તપાસની ભૂમિકા કૃતિલક્ષી છે. પુસ્તકનાં સારાં-નરસાં પાસાં દર્શાવ્યાં છે. એમણે સામગ્રીની તપાસમાં પૂર્વ-પશ્ચિમની વિચારણાને ખપમાં લીધી છે. સમીક્ષકે અર્થને નકારતી વિવેચકની સિદ્ધાંતલક્ષી વિચારણાની ભૂમિકા દર્શાવી છે.

'ટોપીવાળાએ કૃતિલક્ષી વિવેચનમાં ઘણે ઠેકાણે ભાષાપ્રયોગની અન્વર્થકતા બતાવી જ છે'[1], કહી વિવેચક કેવળ ભાષાપરકતાને સ્વીકારતા નથી એમ દર્શાવ્યું છે. સમીક્ષક પોતાની વિચારણા ભાષા અને અર્થ કે સંવેદન બંનેને પૂરક ગણી સ્વીકારે છે. ભાષાકર્મની તપાસ બંને પાસાંને સાંકળીને થાય તેને ઈષ્ટ માને છે. અર્થવિલંબન અને એના પ્રકારોને ભારતીય કાવ્યશાસ્ત્રની સંજ્ઞાઓમાં રજૂ કરી એ વિચાર પરિચિત છે, એમ સૂચવે છે. સમીક્ષકની ભાષા સંક્રમણશીલ, તાર્કિક વિધાનો રજૂ કરતી, વિશ્લેષણપરક છે. વિવેચકના પરિશ્રમ અને વિચારણાને બિરદાવ્યાં છે, તો તટસ્થપણે કેટલાક વિચારોની નિરર્થકતા, અધૂરપ, શૈલીપરકતા અને વિરોધાભાસો પણ નોંધ્યા છે. સમીક્ષકે વિવેચકની અતિપાંડિત્યભરી, પરિભાષાના ડોળવાળી ભાષાશૈલીની ટીકા કરી છે. એમણે મૂલ્યાંકનો દ્વારા પુસ્તકની યોગ્ય સમીક્ષા કરી છે.

**યોગેન્દ્ર વ્યાસે**[2] વિવેચકના સંશોધન પુસ્તક **સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન**ની સમીક્ષા કરી છે. સમીક્ષક પોતે ભાષાવિજ્ઞાનના અભ્યાસી છે. એમણે ભાષાવિજ્ઞાનનાં વ્યાકરણિક ઓજારો પ્રયોજ્યાં છે અને આ પુસ્તકની તપાસ ભાષાવિજ્ઞાનના અભિગમથી કરી છે. સમીક્ષક ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણની કેટલીક ખાસિયતો નોંધી છે : આ વ્યાકરણ અંગ્રેજી જેવી સ્થિતિપરક ભાષાને અનુલક્ષીને

૧. વિવેચનનું વિવેચન પૃ. ૧૬૨
૨. 'શબ્દ સૃષ્ટિ' વર્ષ-૩, અંક-૧૦, ઓકટોબર-૧૯૮૬ પૃષ્ઠ નં. ૩૬-૩૮

પદોના ક્રમસંબંધની તપાસને વર્ણવે છે. આ વ્યાકરણ ભાષાનિયમો પર ઘડાયેલું અમૂર્ત અને કલ્પિત છે તેથી ભાષાવિનિયોગની જીવંત સમૃદ્ધિ ચૂકી ગયું છે. વિચલન એ સર્જકના તેમ ભાવકના વિચલન અભિજ્ઞાનને પણ લક્ષમાં લે એમ હોવું જોઇએ. ચોમ્સ્કીએ પોતાના અભૂતપૂર્વ સિદ્ધાંતોને સમજાવવા માટે ઊભું કરેલું સંસર્જનાત્મક Model અપૂરતું, અપૂર્ણ અને મર્યાદાવાળું છે. કાવ્યમાં વિચલન માત્ર રચના સ્તર પર નથી હોતું, તેથી માત્ર વરણનિયમો અને શબ્દાનુક્રમ બંને ઘણા મર્યાદિત સાધનો છે.

અંગ્રેજી જેવી સ્થિતિપરક ભાષાના આ મર્યાદિત અને અપૂર્ણ Model ને ગુજરાતી જેવી સ્વરૂપપરક ભાષાને લાગુ પાડતાં સર્જાયેલી અવસ્થાને સમીક્ષકે નોંધી છે. એમણે સ્પષ્ટ કહ્યું છે કે '...લેવીન અંગ્રેજી પદરચનામાં શબ્દોના ક્રમનાં વિચલોનોની તપાસ કરે છે તેવી ગુજરાતી પદરચનામાં શબ્દોના ક્રમનાં વિચલનોની તપાસ શકય નથી.'[1] સમીક્ષકે વૃક્ષાકૃતિઓમાં રહેલી ક્ષતિઓનો નિર્દેશ વિવેચક પોતાને પણ ચોમ્સ્કી આધારિત Model કવિતાઓની તપાસ માટે અપર્યાપ્ત લાગતાં કેટલીક કૃતિઓની તપાસમાં વૃક્ષાકૃતિઓ તથા સંસર્જનાત્મક સાહિત્યિક સિદ્ધાંતોનો વિનિયોગ ટાળ્યો છે. સમીક્ષકનાં આ નિરીક્ષણો મૂલ્યાંકનપરક ભાષામાં રજૂ થયા છે. સમીક્ષકની ભાષા શાસ્ત્રીય રજૂઆત કરતી, પૃથક્કરણાત્મક અને વિશ્લેષણપરક છે. સીધાં અને સચોટ વિધાનો દ્વારા વિવેચકના સમગ્ર કાર્યની અનુપયુક્તતા દર્શાવી છે.

**'વિવેચનનો વિભાજિત પટ'** પુસ્તકની સમીક્ષા **બાબુ સુથારે**[2] કરી છે. સમીક્ષકનો અભિગમ શાસ્ત્રીય ચર્ચાનો છે. વિવેચકના જે-તે લેખને એનાં સામગ્રી, આયોજન, નિરૂપણ અને વિવેચકના કેન્દ્રના સંદર્ભે તપાસ્યો છે. લેખના આરંભે લેખકે આ પુસ્તકની સામગ્રીની સંખ્યા, સ્વરૂપ અને ગુણવત્તાને ધ્યાનમાં લઇને ટૂંકી માહિતી રજૂ કરી છે. કેટલાક અપૂરતી માહિતીવાળા લેખોની ચર્ચામાં જે બાબતો દર્શાવી શકાઇ નથી, તેની વિગતે નોંધ મૂકી છે. 'કવિતા અને સંવ્યય'

૧. શબ્દ સૃષ્ટિ પૃષ્ઠ નં. ૩૬
૨. 'પ્રત્યક્ષ' વર્ષ-૧, અંક-૨ એપ્રિલ-જૂન-૧૯૯૧ પૃ. ૧૫-૧૭

લેખમાં વિવેચકના ઉદ્યમને બિરદાવ્યો છે અને આ સિદ્ધાંતોને પડકારવામાં આવ્યા પછી એ સિદ્ધાંતોને આધારે સાહિત્યની શોધ Irrational બની રહે છે એમ પણ નોંધ્યું છે. પુસ્તકોમાં રજૂ કરેલી મુલાકાતોનું સ્વરૂપ અને વિવેચકની Position ને દર્શાવ્યાં છે. એમણે વિવેચકના પ્રત્યક્ષ વિવેચનમાં પ્રયોજાયેલા સંરચનાવાદી અભિગમ વિશે પ્રશ્નો ઊભા કર્યા છે. સંદર્ભગ્રંથોના ઉલ્લેખોના અભાવને તથા પરિભાષાઓના શિથિલ પ્રયોગને લેખની શાસ્ત્રીયતા સામે રજૂ કર્યા છે.

ગુજરાતી પરિભાષા ઘડવાના વિવેચકના કાર્યને મહત્ત્વનું પ્રદાન ગણ્યું છે. સમીક્ષકની ભાષા વિશ્લેષણપરક અને મૂલ્યાંકન પરક છે. પદ્ધતિ અને ઓજારો કૃતિલક્ષી અને શાસ્ત્રીય છે. સમીક્ષક સિદ્ધાંતલક્ષી વૈશ્વિક પ્રવાહોથી પરિચિત છે, તેથી એમણે સામગ્રીલક્ષી સીમાઓ પણ દર્શાવી છે.

**'ગ્રન્થઘટન'** પુસ્તકની **જયેશ ભોગાયતા**[૧] એ સમીક્ષા કરી છે. લેખકે પુસ્તકમાંના કાવ્યસંગ્રહોને કવિપ્રતિભાને અનુલક્ષીને ચાર વિભાગોમાં વહેંચ્યા છે. (૧) આધુનિક ગુજરાતી કવિતાના પ્રારંભકર્તા કવિઓ. (૨) સ્વપ્રતિભાના બળે ઉત્ક્રાન્તિ પામતા કવિઓ (૩) આધુનિકતાના પ્રભાવમાંથી મુક્ત થવાની મથામણ કરતા અને અંગત અવાજની શોધ માટે સભાન કવિઓ[૨ અને (૪)] અનુકરણિયા તથા ભાષાંતરિયા કવિઓ. સમીક્ષકે આ છેલ્લા પ્રકારના કવિઓના 'રદ્દી કાગળના ઢગલા'ને ધ્યાનમાં લીધા નથી. સમીક્ષકે આ વિભાગ અનુસાર વિવેચકના નિરીક્ષણોને તપાસ્યાં છે. એમણે દર્શાવ્યું છે કે વિવેચકની તપાસ પદ્ધતિ સામગ્રીની ગુણવત્તા કે જીવનદર્શનને બદલે કાવ્યની સંરચનાગત ભાત ઉકેલવા તરફની છે. સમીક્ષકે વિવેચકના ભાષાની સર્જનાત્મકતાની શોધના ઉદ્દેશને લગભગ દરેક લેખમાં પ્રયુક્ત જોયો છે. વિવેચકે જુદી જુદી કાવ્યસામગ્રીને તપાસતી વખતે અપનાવેલાં જુદાં જુદાં ધોરણોને સમીક્ષકે દર્શાવ્યાં છે. સમીક્ષકે ઊભડક રજૂઆતો, વાગ્મિતા, વિરોધાભાસ, શૈલીપરકતા અને અપ્રતીતિકર

---

૧. 'અનુબંધ' પ્રથમ આવૃત્તિ- જુલાઈ-૨૦૦૧, પૃષ્ઠ -૧૨૬-૧૩૨
૨. એજન પૃ.

મૂલ્યાંકનો જેવી સીમાઓ ચીંધી છે. સમીક્ષકે વિવેચકનાં નિરીક્ષણો પાછળની એમની ભૂમિકા અને સંદર્ભને પણ લક્ષમાં લીધાં છે. વિવેચકની કાવ્યત્વ, સર્જનપ્રતિભા, મૌલિકતા અને ભાષાની શોધમાંથી ઊભાં થતાં એમનાં મૂલ્યાંકન ધોરણોને પણ ચકાસ્યાં છે. સમીક્ષકેની 'પ્રસન્ન-પ્રસન્ન' થયાની અનુભૂતિને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ચકાસી છે. લેખક વિવેચનગ્રંથોની વિવેચકે કરેલી સમીક્ષાની વિશેષતા, સીમાઓ વસ્તુલક્ષી ધોરણે દર્શાવી છે. પૃ. ૧૩૧ પર સરતચૂકથી વિવેચનસંગ્રહોની ચર્ચામાં મનહર મોદી અને ચિનુ મોદીનાં કાવ્યસંગ્રહો વિશેની નોંધ મૂકાઇ છે. સમીક્ષકની ભૂમિકા વિવેચકના પુસ્તકને કૃતિલક્ષી અને સર્જકલક્ષી અભિગમથી તપાસવાની છે.

'ગ્રંથઘટન'માં ૧૯૭૦ થી ૧૯૯૨ દરમ્યાન પ્રગટ થયેલી કાવ્યસંગ્રહની સમીક્ષાઓમાં વિવેચકના બદલાતા અભિગમોને ધ્યાનમાં લઇને સમીક્ષકે વિવેચકની ઉત્ક્રાંત થતી ચેતનાને દર્શાવી છે. પોતાના નિરીક્ષણની પુષ્ટિ માટે સમીક્ષકે વિવેચકનો 'પ્રત્યક્ષ' જાન્યુ-માર્ચ -૧૯૯૫ માં પ્રગટ થયેલો કૃષ્ણ દવેના કાવ્યસંગ્રહ 'પ્રહાર'ની સમીક્ષાનો લેખ આ ચર્ચામાં સમાવ્યો છે.

**'સુરેશ જોષી'** પુસ્તકની સમીક્ષા **જયેશ ભોગાયતા**[૧] એ કરી છે. સમીક્ષકે વિવેચકનાં પદ્ધતિ, અભિગમ, તારણો, મૂલ્યાંકનો અને સ્વસ્થ કળાપ્રિયદષ્ટિની નોંધ કરી છે. વિવેચકના યુગસંદર્ભે રજૂ થયેલાં નિરીક્ષણોનું મૂલ્ય દર્શાવ્યું છે. સુરેશ જોષીની કાવ્ય, નિબંધ, ટૂંકીવાર્તા, લઘુનવલ, વિવેચન, અનુવાદ, સંપાદન જેવી સાહિત્યિક પ્રવૃત્તિઓને વિવેચકે કૃતિલક્ષી અભિગમથી અને મોટેભાગે વૈયક્તિક રીતે તપાસી મૂલવી છે. 'મરણોત્તર' અને 'છિન્નપત્ર'ની ચર્ચામાં કૃતિની રચનાથી જુદાં વિભાવનામૂલક બાહ્ય અભિગમો કૃતિને ન્યાય આપી શકયા નથી એમ એમણે રજૂ કર્યું છે.

ટૂંકી વાર્તા વિશેનો વિવેચકનાં વિરોધાભાસી વિધાનો પાછળ સમીક્ષકે એક પછી એક વાર્તાના કૃતિલક્ષી અભ્યાસની પદ્ધતિને જવાબદાર ઠેરવી છે. વિવેચકે ટૂંકીવાર્તા, નિબંધ

૧.'અનુબંધ'- પ્રથમ આવૃત્તિ જુલાઇ-૨૦૦૧ પૃષ્ઠ ૧૩૯ થી ૧૪૪

અને કાવ્યની ચર્ચામાં આપેલાં નિરીક્ષણો સમીક્ષકને વધુ સંતર્પક અને નિકટવર્તી અભ્યાસના પરિપાકરૂપ લાગ્યાં છે. સમીક્ષકને વિવેચન સંગ્રહની પસંદગી સામે પ્રશ્ન છે તો વિવેચનલેખની સમીક્ષામાં વિવેચન પ્રતિભાના બીજરૂપ વિચારોની નિકટદર્શી તપાસનો ઉપક્રમ પ્રશંસનીય લાગ્યો છે. અનુવાદ-સંપાદન વિશેની ટૂંકીનોંધ સામે સમીક્ષકે અસંતોષ વ્યક્ત કર્યો છે. વિવેચકે સુરેશ જોષીની સાહિત્યિક પ્રવૃત્તિઓનું સઘન મૂલ્યાંકન થોડાંક અસંતુલન સાથે કર્યું છે, એવું એમનું મંતવ્ય છે. સમીક્ષકનો અભિગમ કૃતિલક્ષી તપાસનો છે. સામગ્રીને વિવેચકે કઇ ભૂમિકા અને પદ્ધતિથી મૂલવી છે તે એમણે નોંધ્યું છે. સમીક્ષકની ભાષા વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક છે. એમણે વસ્તુલક્ષી ધોરણે વિવેચકનાં નિરીક્ષણોને ગુણ-દોષ બંને સંદર્ભે દર્શાવ્યાં છે.

**હેમંત દવેએ 'સાહિત્યના ઇતિહાસની અભિધારણા'**[1] પુસ્તકની સમીક્ષા કરી છે. લેખકે વિવેચકની ભૂમિકા સ્પષ્ટ કરતાં નોંધ્યું છે કે આ પુસ્તકમાં ઇતિહાસ વિશેની ચર્ચા 'સાહિત્યના ઈતિહાસને સમજવા સમજાવવાની મથામણમાંથી પ્રગટેલી છે અને સાહિત્યના અભ્યાસીની કલમે જન્મેલી છે'[2]. સમીક્ષકની આ પુસ્તકની તપાસની ભૂમિકા ઇતિહાસવિદ્‌ની છે. એમણે પુસ્તકની સામગ્રી વિશે ટૂંકી નોંધ આપી પુસ્તકનો સામગ્રીલક્ષી પરિચય લેખના આરંભે આપ્યો છે. લેખકની ઇતિહાસદૃષ્ટિ અને અભ્યાસનો લાભ એમનાં અવલોકનને મળ્યો છે. એમણે વિવેચકની નોંધોમાં સમાવેશ ન પામેલી સામગ્રી અને વિચારણા આ લેખમાં મૂકી આપી છે. પ્રકરણ અનુસાર વિવેચકની ઇતિહાસલક્ષી વિચારણા રજૂ કરી એમાં ખપ મુજબ પોતાનો સૂર પણ સ્પષ્ટ રીતે રજૂ કર્યો છે. સમીક્ષકની ભાષા વર્ણનાત્મક, સમજૂતીપરક છે. અંતે આ પુસ્તકને એની સામગ્રી સંદર્ભે મૂલવ્યું છે. સાહિત્યના અભ્યાસી તરીકેની વિવેચકની ભૂમિકા સમીક્ષકને ઇતિહાસ કરતાં સાહિત્યની ચર્ચામાં વધુ સંતપર્ક જણાઇ છે. દુર્બોધતા, અરૂઢ શબ્દાવલિ, કિલષ્ટતા, અંગ્રેજીશાઇ ભાષા, જોડણીની ભૂલો જેવી ક્ષતિઓ નોંધીને એ

---

૧. પ્રત્યક્ષ વર્ષ-૧૧-અંક-૧ (જાન્યુઆરી-માર્ચ ૨૦૦૨. પૃ.૨૫)
૨. એજન પૃ. ૩૦

'...પુસ્તકની કેન્દ્રીય વિચારણાને કોઈ પ્રકારે હાનિ પહોંચાડે છે કે પુસ્તકના મહત્ત્વને કરે છે તેવું નથી.'[1], એમ પણ સ્વીકાર્યું છે. સમીક્ષકનો ઉદ્દેશ પુસ્તકના સામગ્રીલક્ષી વિવરણ અને સ્પષ્ટીકરણનો છે. સમીક્ષકે નૂતન અભિગમ, વિષયવસ્તુ, અભ્યાસી માટે ઉપયોગી, માતૃભાષામાં રજૂ થયેલી નવીનતર માહિતી જેવા આ પુસ્તકનાં નોંધપાત્ર પાસાં દર્શાવ્યાં છે.

ચન્દ્રકાન્ત ટોપીવાળાના સર્જકલક્ષી પુસ્તક **'દલપતરામ'ને નરોત્તમ પલાણે**[2] તપાસ્યું છે. સમીક્ષકે પુસ્તકનો સામગ્રીલક્ષી પરિચય કરાવ્યો છે. વિવેચક મૂળકૃતિ વાંચીને, ઇતિહાસના દોરને બરાબર પકડી રાખીને અને તત્કાલીન સમયસંદર્ભનો ઉચિત વિનિયોગ કરીને દલપતરામનું જે સર્જકવ્યક્તિત્વ ઉપસાવ્યું છે એને સમીક્ષકે પ્રસન્નકર અનુભૂતિ જન્માવતા સ્વાધ્યાયરૂપે પ્રમાણ્યું છે. દલપતરામની વિશેષતા અને મર્યાદાઓ વિશેનાં વિવેચકનાં ઘણાં નિરીક્ષણોને સમીક્ષકે સ્વીકાર્યાં છે, તો કેટલાંક ચર્ચાસ્પદ વિધાનો વિશેની નોંધ કરી છે. નર્મદ કરતાં દલપતરામને તુલનાભાવે વધુ સજ્જ અને મધ્યકાલીન-અર્વાચીનના સેતુરૂપ ગણી વિવેચકે અગ્રસ્થાને સ્થાપવાના તાર્કિક, અભ્યાસપૂર્ણ પ્રયત્નને ધ્યાનમાં લેતાં સમીક્ષકે નોંધ્યું છે કે 'ટોપીવાળા આદ્યંત સમતોલ રહ્યા છે. તેની પણ એક મજા છે!'[3] સમીક્ષકનો અભિગમ સામગ્રીમી તપાસનો છે. કૃતિ ઇતર સામગ્રીની કૃતિના અનુસંધાનમાં સંદર્ભ તરીકે નોંધ લીધી છે. સમીક્ષકની નોંધ વિગતદર્શી છે. વિવેચકના કાર્ય, વિધાનો અને તારણોને વર્ણનાત્મક રીતે દર્શાવ્યાં છે. પુસ્તકની સામગ્રીની ચર્ચા કરતાં કૃતિ ઇતર સામગ્રીનો લેખમાં સમાવેશ થયો છે. આ વિગતો દલપતરામના સમય અને કૃતિ સાથે અનુસંધાન ધરાવે છે.

અંતે મૂળ તરફ જવાની પ્રક્રિયામાં ચારણી પરંપરા, છંદગીત, રજૂઆત અને કસબના વિમર્શની અપેક્ષા સમીક્ષકે દર્શાવી છે. સમીક્ષકની ભાષા વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક છે.

૧. એજન પૃ. ૩૦
૨. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૩, અંક-૧ જાન્યુઆરી-માર્ચ-૨૦૦૪ પૃ. ૧૦-૧૨
૩. એજન પૃ. ૧૧

**'બહુસંવાદ'** પુસ્તકની કૃતિલક્ષી તપાસ **રાધેશ્યામ શર્મા**[1] એ કરી છે. લેખકે વિવેચનની ભૂમિકા સામે અને આત્મલક્ષી બહુવિધ અભિગમના સિદ્ધાંત સામે પ્રશ્ન ઊઠાવ્યા છે. બહુસંવાદ એ વિ-સંવાદ પણ બની શકે એવી શકયતા દર્શાવી છે. વિવિધ અભિગમોમાંથી કોઇ ઉચિત અભિગમ સ્વીકારવાની સુવિધાનો વસ્તુલક્ષી અભિગમમાં સદંતર અભાવ હતો ? એવો પ્રશ્ન સમીક્ષકે ઊઠાવ્યો છે. 'ભારતીય રસબોધની અનન્યતા'નું અવતરણ ટાંકી, સમીક્ષકે દર્શાવ્યું છે કે રસપાક સિદ્ધ કૃતિઓ આધુનિકકાળમાં નહોતી એમ ભાગ્ય જ કહી શકાય. વિવેચકે અનુઆધુનિકતાના સંદર્ભે 'રસપાક'ની ચર્ચા કરી છે. જુદા જુદા સિદ્ધાંતો આધુનિકકૃતિ માટે પણ એટલા જ સમર્પક છે એમ સમીક્ષકના મંતવ્યો અને વિચારો સૂચવે છે. વિવેચકના કાર્યને મૂલવતાં લેખકે નોંધ્યું છે કે 'સમીક્ષકના સકલમતતન્તુઓ સાથે સહ-મત ના જ થવાય, તોયે એમાંની શબ્દનિષ્ઠા, સ્વાધ્યાયપ્રિયતા અને લાગ્યું તે તડફડ કહેવાની તડપતત્પરતા પ્રકરણોના પાને પાને વ્યાપી વળી છે'[2]. વિવેચકના નિરીક્ષણો, મૂલ્યાંકનો, ચર્ચા-વિચારણા અને ખાસિયતોને નોંધ્યાં છે. પોલ સેલાનનાં છ કાવ્યોના વિવેચકે કરેલા ગુજરાતી અનુવાદને પ્રશસ્યકાર્ય તરીકે પ્રમાણ્યું છે. સમીક્ષકે વિવેચકની ભૂમિકા સ્પષ્ટ કરી આપી છે. એમણે વિવેચકની વિચારણાના મહત્ત્વનાં પાસાં અને ચર્ચાસ્પદ વિધાનો વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. લેખકની ભાષા સમજૂતી આપતી અને મૂલ્યાંકનપરક છે. એમણે 'બહુસંવાદ'ના સિદ્ધાંત સામે ઊહાપોહ જગાવ્યો છે.

વિવેચકના સંગ્રહ **'રચનાવલી'**[3]નો **રાધેશ્યામ શર્મા** એ પરિચય આપ્યો છે. સમીક્ષકે સુગમ અને સરળ શૈલીમાં ચારસો બાવન પાનાંમાં બસો અઢાર જેટલી રચનાઓને સમાવવાના વિવેચકના ઉદ્યમને કૃતિઓના વિપુલ રાશિના સંદર્ભે આવકાર્યો છે. સમીક્ષકે 'જનસત્તા'ની કટારના પરિણામરૂપ નીપજેલા આ પુસ્તકને કૃતિઓ, એની ભાષા, વિવેચકનું આયોજન, કેટલાંક વિધાનો, મૂલ્યાંકનો અને તારણોને ધ્યાનમાં રાખીને મૂલવ્યું છે. 'અહીં કોણ એવું છે કે

૧. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૫, અંક-૨ (એપ્રિલ-જુન-૨૦૦૬) પૃ.
૨. એજન પૃ.૨૪
૩. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૩, અંક-૩ (જુલાઈ-સપ્ટેમ્બર-૨૦૦૪) પૃ.૨૦

આવું મને આટલું કોશિયાકર્મ કરવા તત્પર છે?' કહી વિવેચકના પરિશ્રમને બિરદાવ્યો છે. સમીક્ષકની નેમ વિગતો માહિતી દ્વારા પુસ્તકનો પરિચય કરાવવાની અને વિવિધ કૃતિઓના પરિચયલક્ષી કોશને એના સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવાની છે. સમીક્ષકે કેટલાક સૂચક વિધાનો દ્વારા વિચારો રજૂ કર્યા છે. સમીક્ષકની ભાષાશૈલી રોચક છે. 'ઉપર ટપકે જોઇશું તોયે ગ્રંથની રિદ્ધિનો ફાંકડો અંદાજ આવી જશે;'[૧] 'શું ભારતીયસાહિત્ય કે શું જગતસાહિત્ય મહાસાગરમાંથી એક આચમની જેટલું જ પીરસી શકાય. પણ એવો પરિશ્રમ પ્રેમનો હોવાથી ગાગરમાં સાગરસુધા સંભરી લાવ્યા એવું કહી શકાય'[૨]. સમીક્ષકની ભાષા પ્રભાવવાદી છે, એમણે 'રચનાવલી' પુસ્તકને મહત્ત્વનાં પ્રાધ્યાપક ઉપયોગી કોશસંપાદન તરીકે મહત્ત્વનું ગણ્યું છે.

વિવેચકના પુસ્તક **'અછાંદસ મીમાંસા'**[૩] વિશે **ચિનુ મોદી**એ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. સમીક્ષકે વિવેચકનાં વિશદતા, પ્રામાણિકતા અને વિવેચનક્ષમતાને એમનાં વિવેચનકાર્યના ક્ષેત્ર, નિરીક્ષણો અને પદ્ધતિ સંદર્ભે પ્રમાણ્યાં છે. વિવેચકે અછાંદસના અસિદ્ધ લયની અભિવ્યક્તિ માટે છંદની ભૂમિકા સ્વીકારી છે, એ બાબતને સમીક્ષકે વિવેચકનાં તર્ક અને દાખલા-દલીલો દ્વારા રજૂ કરી છે. જુદા જુદા કવિઓનાં કાવ્યો વિશેનાં વિવેચકનાં અભિપ્રાયોની ઉચિત નોંધ લીધી છે. વિવેચકના સમર્થનમાં સમીક્ષકે પણ સ્વીકાર્યું છે કે 'ઓટોમેટિક રાઈટિંગ ઘણીવાર દિશાહીન કરી મૂકે છે. ફિલ્મની જેમ અછાંદસ કવિતાને પણ 'અનએડિટેડ' પ્રગટ કરવા જેવી નથી હોતી[૪].' સમીક્ષકે ગુજરાતી અછાંદસ કવિઓને જુદા જુદા જૂથમાં વર્ગીકૃત કર્યા છે. આ વર્ગીકરણ કવિનાં સમય, શૈલી, પ્રયોગશીલતા અને ગુણવત્તાના ધોરણે કર્યું છે. સમીક્ષકે પોતાના વર્ગીકરણ અનુસાર કવિઓની વિવેચકે ચીંધેલી વિશેષતાઓ, અછાંદસની તરાહો, કવિ સંવેદન અને સર્જકકર્મ વિશે નોંધ કરી છે. વિવેચકનાં તારણો સાથે અને પદ્ધતિ સાથે સહમતિ સાધીને એમણે અવલોકનો નોંધ્યાં છે.

---

૧. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૩, અંક-૩ (જુલાઇ-સપ્ટેમ્બર-૨૦૦૪) પૃ.૧૯
૨. એજન પૃ. ૧૯
૩. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૬, અંક-૨ (એપ્રિલ-જૂન-૨૦૦૭) પૃ.
૪. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૬, અંક-૨ (એપ્રિલ-જૂન-૨૦૦૭) પૃ.૧૭
૫. એજન પૃ. ૧૯

અંતે સમીક્ષકે જે કવિઓને બાકાત રાખ્યા છે તે વિશે નુક્તેચીની કરી સ્પષ્ટ વિધાન કર્યું છે કે – 'મેં ઉપર નિર્દેશેલા કવિઓનું અછાંદસ મને ઘણીવાર રોમાંચિત કરી ગયું છે; પણ પસંદ અપની અપની એવું કહી ન હું છૂટી શકું ન ચન્દ્રકાન્ત'[1] સમીક્ષકની ભૂમિકા કૃતિ સમીક્ષાનાં પાઠગત વિચારો, મંતવ્યો, તારણો અને મૂલ્યાંકનોને સ્પષ્ટ કરવાની છે. સમીક્ષકે વિવેચકના દૃષ્ટિબિંદુ, Stand, વિચારણા અને વિભાવનાને તારવ્યાં છે. 'આવા ઝીણું ઝીણું સાંભળતા અને બે પંક્તિના અવકાશને વાંચી શકતા અધિકારી સજ્જ ભાવકશ્રેષ્ઠ આપણને મળ્યા કરો'[2] કહી લેખકે વિવેચકનું એમની ગુણવત્તાના પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કર્યું છે.

**'અછંદાસમીમાંસા'** પુસ્તકમાં વિવેચકના વિચારો વિશેની **બાબુ સુથારે**[3] ઊહાપોહ જગાવ્યો છે. સમીક્ષકને વિવેચકનાં ગૃહીતો અને માન્યતાઓ સામે વાંધો છે. અછાંદસમાં પણ લય હોવાના વિવેચકના ગૃહીતને (ગૃહીતો સમીક્ષકે તારવ્યાં છે) સ્વીકાર્યું છે. 'અછાંદસ કાવ્યમાં લય એ જ કવિ સિદ્ધ કરી શકે જેણે છંદમાં કાવ્યસર્જન કર્યું હોય.'[4] - આ બીજા ગૃહીત સાથે સમીક્ષક સંમત થતા નથી. આ અંગે પોતાના વિચારો સમીક્ષકે શાસ્ત્રીય પદ્ધતિએ રજૂ કર્યા છે. સમીક્ષકના લખાણમાંથી સ્પષ્ટ થતી એમની માન્યતાઓ આ મુજબ છે :

(૧)'લય ભાષાનો વિષય છે અને એને જે-તે ભાષાની સ્વરભાર વ્યવસ્થા સાથે સંબંધ હોય છે'[5]. (૨) 'આ વિધાન (બીજું ગૃહીત) છાંદસ અને અછાંદસ કવિતા વચ્ચે બાયનરી ઓપોઝીશન ઊભું કરી, પછી છાંદસ કવિતાને કેન્દ્રસ્થાને સ્થાપી અને અછાંદસ કાવ્યસર્જનને છાંદસ કાવ્યરચના પર પરોપજીવી બનાવી દે છે, જે બરાબર નથી'[6]. (૩) 'છાંદસ અને અછાંદસ બંનેમાં સ્વરભારનાં આવર્તનો લય સિદ્ધ કરે છે[7].' છાંદસમાં આર્વતનો પંક્તિ બદલાતાં ન બદલાય જ્યારે

---

૧. 'પ્રત્યક્ષ' વર્ષ-૧૬, અંક-૨ (એપ્રિલ-જૂન-૨૦૦૭) પૃ.૧૯
૨. એજન પૃ. ૧૯
૩. 'સન્ધિ' વર્ષ-૨, અંક-૧ (જાન્યુ-માર્ચ-૨૦૦૮) પૃ. ૩
૪. એજન પૃ. ૩
૫. એજન પૃ. ૪
૬. એજન પૃ. ૬
૭. એજન પૃ. ૬

અછાંદસમાં બદલાય છે. (૪) અછાંદસમાં લય ઉપરાંત કલ્પન, અલંકાર કવિતાનો Visual આકાર જેવાં ઘણાં ઘટકોને Organising Principles તરીકે સ્વીકારી શકાય. (૫) ટુકડાઓ અને પુનરાવર્તનોનું પણ કાવ્યશાસ્ત્ર હોય છે, તેથી એ કવિતાને કાયમ નુકસાનકર્તા નથી હોતાં. (૬) '...પહેલાં અભિવ્યક્તિનાં સાધનો પછી ભાવ. હું આ ધારણા સ્વીકારું છું...' (૭) ગાંધીજીને અનુસરીને વિવેચકે કરેલું વિધાન 'કવિતા પર એક પ્રકારનું નોર્મેટીવાઈઝેશન લાદવાનો પ્રયાસ'[૧] છે.

વિવેચકના વિધાન દ્વારા કવિતાનું સ્ટાન્ડર્ડાઈઝેશન કરવાનો કે ગુજરાતી પ્રજાને એક સમુદાયમાં બાંધવાનો પ્રયાસ નથી. વિવેચકનાં જે-જે વિચારો સમીક્ષકે સ્વીકાર્યા નથી તેની સામે પોતાના તર્ક મંતવ્ય અને એને માટેના જરૂરી આધાર રજૂ કર્યા છે. સમીક્ષકની પદ્ધતિ વિવેચકના વિચારો સોદાહરણ જણાવી, એનો સાર તારવી એ વિશે પોતાના મંતવ્યો તર્કબદ્ધ રીતે રજૂ કરી અને જરૂર જણાય ત્યાં પશ્ચિમની વિચારણાના આધારો ટાંકી વિચાર વસ્તુની પદ્ધતિપુરઃસર માંડણી કરવાની છે. સમીક્ષકે પોતાના વિચારો સંદર્ભે પણ અપવાદો દર્શાવ્યા છે અને પોતાના ધોરણોને અંતિમે રજૂ કર્યાં નથી. વિવેચકની વિચારને વિકસાવવાની પદ્ધતિને રૂપકાત્મક રીતે દર્શાવી છે. સમીક્ષકે વિવેચકની સિદ્ધાંત વિચારણા સામે પ્રશ્નો ઊભા કર્યા છે, આત્યંતિક વિધાનોને તાર્કિકતાથી રજૂ કર્યા છે. લેખકની ભૂમિકા સિદ્ધાંતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં દર્શાવવાની છે. સમીક્ષકનો અભિગમ કૃતિલક્ષી છે. સમીક્ષકની ભાષા વિશ્લેષણપરક, સમજૂતીપરક, મૂલ્યાંકનપરક છે.

સમીક્ષકે સામાયિકના આ જ અંકમાં[૨] વિવેચકના 'અછાંદસ મીમાંસા' પુસ્તકની પ્રત્યક્ષ વિવેચનની શૈલીએ વિવેચન કર્યું છે. સમીક્ષકે આ માટે નમૂના રૂપ એક કવિતા બનાવી વિવેચકની શૈલી, પદ્ધતિ અને ભાષાનું અનુકરણ કહો કે પેરોડી કરી છે. પ્રયુક્તિઓની તપાસ પદ્ધતિનું આબાદ અનુકરણ કર્યું છે. 'અછાંદસમીમાંસા'નાં અવતરણો અને ઉદાહરણો, તથા અન્ય સર્જકો-

---

૧. 'સન્ધિ' વર્ષ-૨, અંક-૧ (જાન્યુ-માર્ચ-૨૦૦૮) પૃ. ૧૦૧ થી ૧૧૩
૨. એજન પૃ. ૯

સાહિત્યકારોનાં વિચારો પણ ખપમાં લીધાં છે. આ પદ્ધતિએ પ્રત્યક્ષ વિવેચનની સમીક્ષા કરવા પાછળ સમીક્ષકનો હેતુ વિવેચકના કેટલાંક ચર્ચાસ્પદ વિધાનો અને વર્ણનોની શૈલીપરકતાને દર્શાવવાનો છે, એમ સ્પષ્ટ જણાય છે.

વિવેચકનાં વિવેચનગ્રંથો વિશે ભરત મહેતાએ એમનાં પુસ્તક 'રેખાંકિત'માં 'અઢી દાયકાનું વિવેચન'[૧], 'દસમા દાયકાનું વિવેચન'[૨] અને '૨૦૦૪-૨૦૦૫ નું વિવેચન'[૩] - આ ત્રણ લેખોમાં છૂટીછવાઇ નોંધો કરી છે. 'પ્રતિભાષાનું કવચ' પુસ્તકમાં વિવેચકે સ્વીકારેલો કવિતાની સ્વાયત્તતાનો મુદ્દો સમીક્ષકે વ્યંગાત્મક કાકુ સાથે નોંધ્યો છે. વિવેચકના સિદ્ધાંત અને પ્રત્યક્ષમાં ઓછા અકસ્માત નજરે પડે છે; એમ નોંધી એમણે 'ચન્દ્રકાન્ત ટોપીવાળાના પ્રત્યક્ષ વિવેચનોને સિદ્ધાંતનો બલિષ્ઠ ટેકો છે'[૨] કહી વિવેચકના કાર્યને મૂલવ્યું છે. 'મધ્યમાલા' અને 'દલપતરામ'નો હવાલો આપી સમીક્ષકે પરંપરાગત સાહિત્યમાં વિવેચકે પ્રયોજેલી નૂતનદષ્ટિને પુરસ્કારી છે. 'નાનાવિધ' વિશે સમીક્ષકે વિવેચકની ભૂમિકા સ્પષ્ટ કરતાં નોંધ્યું છે કે –

'જગતભરમાં ચાલતી સાહિત્ય વિચારણાનો રસપ્રદ પરિચય આપવો, એ વિચારણા કયા નવાં ક્ષેત્રો ખોલી રહી છે એનો નિર્દેશ કરવો, હોય તો આપણી ભાષામાંથી પણ કોઈ કૃતિ/સર્જકનો ય એ અંગે નિર્દેશ કરવો એ આ લઘુલેખોની રણનીતિ છે.'[૩]

સમીક્ષકે 'અનેકાયન'ને પણ સિદ્ધાંતલક્ષી લેખોના પુસ્તક તરીકે ગણ્યું છે. હકીકતમાં 'અનેકાયન'માં વિદેશી ભાષાનાં કાવ્યોનો ગુજરાતીમાં અનુવાદ અને આસ્વાદ સમાવિષ્ટ છે. એમાં કોઇ સિદ્ધાંતલક્ષી ચર્ચા નથી; એ કાવ્યના પ્રત્યક્ષ વિવેચનનું પુસ્તક છે. સમીક્ષકે 'સાહિત્યના ઇતિહાસની અભિધારણા' પુસ્તકની સામગ્રીલક્ષી ટૂંકી નોંધ કરી છે. સમીક્ષકનો 'ગ્રંથની ભાષા સરળ છે'[૪].-નો

---

૧. 'રેખાંકિત' પ્ર.આ. ડિસેમ્બર-૨૦૦૯ પૃ.૪૮
૨. એજન પૃ.૪૮
૩. એજન પૃ.૬૨
૪. એજન પૃ.૬૪

અનુભવ હેમંત દવેના અનુભવથી સામેના છેડાનો છે. 'સહવર્તી / પરિવર્તી'માં સમીક્ષક વિવેચકની ચર્ચાસ્પદ ભૂમિકા કેટલાક લેખોના સંદર્ભે નોંધી છે. વિવેચકના વિવેચન કાર્યને એમની કાવ્યસૂઝ અને ઝીણું કાંતવાની વૃત્તિ સંદર્ભે વિશિષ્ટ ગણ્યું છે. સમીક્ષકે નોંધ્યું છે કે- 'સ્થાતા જતા સાહિત્યને વિવેચનાત્મક રીતે સતત તપાસતા રહેવાની એમની વૃત્તિ પ્રશંસનીય છે.'[1] સમીક્ષકની ભૂમિકા વિવેચકનાં સજ્જતા, સૂઝ, પરિશ્રમ, પ્રવૃત્તિ, ક્રિયાશીલતા અને તાર્કિકતાના સંદર્ભે એમના વિવેચનકાર્યને તપાસવાની છે. તેઓ ક્ષતિઓ કે એકાંગી ચર્ચાની ટીકા કરે છે, તો વિવેચકની નિષ્ઠા અને અભ્યાસપ્રિયતાને પુરસ્કારે છે.

વિવેચકના વિવેચન કાર્ય વિશે એક સળંગ અભ્યાસલેખ **વિજય શાસ્ત્રી** પાસેથી મળે છે. સમીક્ષકે વિવેચકના ૧૯૯૬ સુધીનાં સાત પુસ્તકોની સળંગ ચર્ચા કરી છે. લેખકનો અભિગમ સામગ્રીલક્ષી છે. આ પુસ્તકોની સામગ્રી, એમાં નિરૂપાયેલાં સિદ્ધાંત અને અભિગમો વિશે માહિતીલક્ષી નોંધ આપી છે. વિવેચકના મહત્ત્વનાં વિચારોને લેખકે સળંગ સૂત્રે મૂક્યાં છે. રશિયન સ્વરૂપવાદ, સંરચનાવાદ, સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાનની સાથેસાથે 'ગ્રંથઘટન' પુસ્તકમાં પરંપરાના કવિઓને પોંખતી વિવેચકની ભૂમિકા સમીક્ષકે દર્શાવી છે. વિવેચકનાં ગૃહીતો સમીક્ષકે તારવી બતાવ્યાં છે. સમીક્ષકે વિવેચકના ઓજારોમાં કાવ્યાભાષાકેન્દ્રી અભિગમને મુખ્ય ગણાવ્યો છે. વિવેચકના પ્રત્યક્ષ વિવેચનની- વિશેષતા સમીક્ષકે નોંધી છે-

'આ સૌમાં નરસિંહનું પદ વિષયની રીતે નહીં પણ નિરૂપણની રીતે, સ્થાપત્ય-વિધાનની રીતે અને ભાષાકર્મની રીતે અનન્ય બને છે તે પ્રતિપાદિત કર્યું છે.'[2]

નરસિંહ મહેતાના વિવેચનનો હવાલો આપીને લેખકે નોંધ્યું છે કે વિવેચકે મધ્યકાળથી આધુનિકયુગની કૃતિઓને 'આ જ દૃષ્ટિકોણથી વિઘટિત'[3] કરી છે. વિવેચકના સિદ્ધાંતોની ચર્ચાને વર્ણનાત્મક પદ્ધતિએ ચર્ચી છે. વિવિધ લેખોમાંથી

---

૧. 'રેખાંકિત' પ્ર.આ. ડિસેમ્બર-૨૦૦૯ પૃ.૪૮
૨. તત્પુરુષ ૧૯૮૮ પૃ. ૨૪૮ થી ૨૮૮
૩. એજન પૃ. ૨૩૩
૪. એજન પૃ. ૨૩૯

ઉપસતી વિવેચકની પ્રતિભાની નોંધ લીધી છે. વિવેચકની ભાષા, પદ્ધતિ વિશેનાં નિરીક્ષણો આપ્યાં છે. વિવેચકના લખાણોનો સમાદર કરવાની પોતાની ભૂમિકા પાછળનું કારણ સમીક્ષકે જણાવ્યું છે કે,

'હું એક ભાવક તરીકે તે માંહેનાં લખાણોનો સમાદર એટલા માટે કરું છું કે એ મને કશી ચોક્કસ માન્યતાઓ કે વિચારો સ્વીકારી લેવા માટે આગ્રહો નથી કરતાં. 'મારી વાત નહીં સ્વીકારો તો ...' જેવી અલિખિત ધાકધમકીઓ નથી આપતાં'... વાચકનું તે ગૌરવ કરે છે પોતાની વૈજ્ઞાનિક, તર્કમૂલક અને સંરચનાગત તરાહોનાં નિર્દેશનો વડે.'[1]

સમીક્ષકે વિવેચકનાં કાર્યને સહૃદયતાપૂર્વક પ્રમાણ્યું છે. સમીક્ષકે વિવેચકની વિશિષ્ટતા દર્શાવી છે- 'આ અને આવાં તારણો નિરીક્ષણો અલબત્ત પશ્ચિમી વિભાગ્નાઓના અનુવાદ, સારાનુવાદ કે ભાવાનુવાદથી મળતાં હોવા છતાં ચન્દ્રકાન્ત ગુજરાતી કવિતાને અનુલક્ષીને તેમની સાર્થકતા દર્શાવી શકે છે જે એમનાં મૌલિક નિરીક્ષણો છે.'[2]

વિવેચકના મૌલિક પ્રદાનની નોંધ લીધી છે. વિવેચકના પરિભાષા ઘડવાના કાર્યને વિશિષ્ટ ગણાવ્યું છે. 'મરણોત્તર' અને 'મંથરા' કૃતિની સ્વરૂપગત તપાસ વેળા વિવેચકના અનુક્રમે કડક અને કૂણાં વલણની નોંધ કરી છે. સમીક્ષકની ભાષા બહુધા વર્ણનાત્મક છે. ઉચિત મૂલ્યાંકનો નોંધ્યાં છે. સમીક્ષકનો અભિગમ વિવેચકના કાર્યની નોંધ લેવાનો છે. કૃતિલક્ષી, વસ્તુલક્ષી પદ્ધતિએ એમણે સામગ્રીની તપાસ કરી છે.

વિવેચકના કાર્યની **પી. જે. પટેલે**[3] પોતાના સંશોધનગ્રંથમાં નોંધ લીધી છે. ગુજરાતી વિવેચનનાં જુદા જુદા અભિગમોની ચર્ચામાં વિવેચકના કાર્યને વચ્ચે વચ્ચે સાંકળ્યું છે. કયાંક નોંધ વેરવિખેર સ્વરૂપે છે, તો સંરચનાપરક અભિગમની

૧. એજન પૃ. ૨૩૯
૨. 'આધુનિક વિવેચનાની વિવધ તરેહો' પૃ. પ્ર.આ. ૧૯૯૮
૩. 'આધુનિક વિવેચનાની વિવધ તરેહો' પૃ. ૨૫૦

ચર્ચામાં સળંગ નોંધ લીધી છે. સમીક્ષકે વિવેચકનાં 'અપરિચિત अ અપરિચિત ब', 'પ્રતિભાષાનું કવચ' અને 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન' આ ત્રણ ગ્રંથો સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગમાં લીધાં છે. ગુજરાતી પ્રત્યક્ષ વિવેચનામાં રૂપવિચાર, કૃતિનિષ્ઠ આસ્વાદલક્ષી વિવેચન, ભાષાકેન્દ્રી અભિગમો અને સંરચનાપરક અભિગમોને પ્રયોજનારા આધુનિક વિવેચક તરીકે સમીક્ષકે એમનાં વિવેચન કાર્યને મૂલવ્યું છે. વિવેચકે આ ઓજારોને કઇ પદ્ધતિએ ખપમાં લીધાં છે તે સમીક્ષકની તપાસનું કેન્દ્ર છે.

સમીક્ષકે વિવેચકના જુદા જુદા પ્રત્યક્ષ વિવેચનોને લક્ષમાં રાખી વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક વિધાનો આપ્યાં છે. સમીક્ષકે વિવેચકના વિવેચનમાં ભાષાકેન્દ્રી તપાસ, ભાષાકર્મની તપાસ અને સંરચનાગત તપાસ દ્વારા કૃતિને પામવામાં ઉપયોગી નીવડે એવાં નિરીક્ષણોને વિશેષતા લેખે નોંધ્યાં છે તો પરિભાષાનું પ્રાચુર્ય, કશુંક ચમત્કૃતિપૂર્ણ ધરવાનો વ્યામોહ, વદતોવ્યાઘાતના દોષ, દુર્બોધતા અને પરિભાષા માટેનો અભિનિવેશ અને જેવી સીમાઓ પણ નોંધી છે. સમીક્ષકનો અભિગમ વસ્તુલક્ષી, કૃતિલક્ષી નોંધનો છે. સામગ્રીની એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં તપાસ કરી છે વિવેચકની ભૂમિકા સંશોધકની છે. એમણે નોંધ્યું છે કે-

'ઊર્મિકાવ્ય જેવા ટૂંકાં કાવ્યસ્વરૂપોને આ પ્રકારની વિવેચના માટે એમણે વધુ પસંદ કર્યાં છે. જ્યારે નવલિકા-નવલકથા વગેરે જેવાં ગદ્યનાં સ્વરૂપોની વિવેચનામાં તેઓ ઝાઝા પ્રવૃત્ત થયા નથી. આ પ્રકારનો અભિગમ એવા દીર્ઘરૂપોમાં ચેલેન્જરૂપ બને કદાચ. સિદ્ધાંતની પરખ આખરે તો કૃતિઓના વ્યાપક પરિક્ષણોમાં જ થાય ને ?[1] વિવેચકના કાર્યક્ષેત્રનું સીમિત ફલક આ વિધાન દ્વારા દર્શાવ્યું છે. લેખકે વિવેચકની સિદ્ધાંતવિચારણાને અવારનવાર અવતરણો તરીકે પ્રયોજી સિદ્ધાંતચર્ચાને પુષ્ટ કરવા ઉપયોગમાં પણ લીધી છે.

વિવેચકના વિવેચનકાર્ય વિશેનાં પ્રાપ્ય એટલાં વિવેચનોનો અહીં સમાવેશ કર્યો છે. વિવેચકના કાર્યને સમયાંતરે પ્રતિપોષણ મળ્યા કર્યું છે. કેટલીક વેરવિખેર

૧. આધુનિક વિવેચનાની વિવિધ તરેહો

નોંધો, કેટલાંક અવલોકનો, કેટલીક સમીક્ષાઓ અને વિવેચનો દ્વારા એમનાં કાર્યને પ્રમાણવામાં આવ્યું છે. વિવેચકે સ્વીકારલા વિવિધ અભિગમોને જુદી જુદી ભૂમિકાએથી લેખકોએ તપાસતાં મળેલાં જુદાં જુદાં તારણોની ટૂંકી નોંધ અહીં મૂકી છે. કેટલાંક વિરોધી તો કેટલાંક ઘણે અંશે સમાન અવલોકનો મળ્યાં છે. વિવેચન ક્યારેય પૂર્ણપણે વસ્તુલક્ષી હોઇ શકતું નથી એમાં વિશ્લેષકનાં રસ, રુચિ, સમજણ, ગમા-અણગમા, જે તે ક્ષેત્રનું જ્ઞાન, વિવેક જેવાં આત્મલક્ષી સંદર્ભો ભળતાં રહે છે. વળી વિવેચન પાઠને અનુભવવાની અને એને ભાષામાં રૂપ આપવાની, અવતરિત કરવાની ભૂમિકા અને પરિસ્થિતિમાં થોડો ફરક હોઇ શકે છે, ભાષા પ્રત્યાયનનું નિઃશેષ સંક્રમણશીલ માધ્યમ નથી. અનુભવેલું ઘણું વિખરાઇ જતું હોય છે. કોઇ પણ કથનની આવી મર્યાદાઓ સમેત જ એને સ્વીકારીને પ્રમાણવાનું હોય છે. તેથી વિધાનોનાં સામ્ય-વિરોધોની શક્યતાઓ રહે જ છે. તેથી મારી ભૂમિકા સમીક્ષકોના ભૂમિકા, પદ્ધતિ અને ભાષાને કૃતિસંદર્ભે તપાસવાની છે. એમનાં નિરીક્ષણો, મૂલ્યાંકનો અને તારણોને વર્ણવવાની છે.

આ સમીક્ષકોના વિવેચનમાંથી પસાર થતાં કેટલાક સર્વસામન્ય નિરીક્ષણો તારવી શકાય. સમીક્ષકોએ વિવિધ સિદ્ધાંતલક્ષી વિચારણાને ગુજરાતી સાહિત્યમાં આણી એની ચર્ચા કરવાના વિવેચકના કાર્યને પ્રસંશનીય ગણાવ્યું છે. પ્રત્યક્ષ વિવેચનમાં આ સિદ્ધાંતોના વિનિયોગને વિવેચકનું મૌલિક પ્રદાન ગણ્યું છે. વિવેચકની નિષ્ઠા અને અભ્યાસપ્રિયતાને પ્રમાણી છે. એમના કાર્ય વિશેનાં હકારાત્મક નિરીક્ષણો આપતાં આ નિરીક્ષકોએ એમના કાર્યના વ્યાપ મહદંશે સમતોલ અવલોકન દૃષ્ટિ, મૌલિક અવલોકનો, સૈદ્ધાંતિક ચર્ચામાં વિભાવનાઓ અને સંપ્રત્યયોના પ્રયોગ દ્વારા ઊભું થતું શાસ્ત્રીયતાનું ધોરણ, વિવિધ સૈદ્ધાંતિક સામગ્રીને વિશ્વસાહિત્યની વિચારાણાઓમાંથી ગુજરાતી સાહિત્ય વિવેચનક્ષેત્રે ઉપલબ્ધ કરાવવાની સાતત્યપૂર્વકની પ્રવૃત્તિ જેવાં વિવેચકનાં વિવિધ પાસાંની નોંધ લીધી છે. તો આ નિરીક્ષકોને દુર્બોધ ભાષા, કિલષ્ટ ભાષા, કાવ્યેતર સ્વરૂપનું ઓછું ખેડાણ, સિદ્ધાંતચર્ચાઓમાં કેટલીક માહિતીનો અભાવ, પ્રત્યક્ષ વિવેચનમાં અભિગમોનો અભિનિવેશપૂર્વકનો ઉપયોગ, શૈલીપરકતા જેવી વિવેચકની સીમાઓ દર્શાવી છે.

બાબુ સુથારનો 'અછાંદસમીમાંસા' ઉપરનો લેખ[1] વિવેચકની વિચારણા અને પદ્ધતિ સામે મૂળથી જ પ્રશ્નો ઉઠાવતો શાસ્ત્રીય લેખ છે. તેમ યોગેન્દ્ર વ્યાસ[2]નો સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન શોધનિબંધ પરનો લેખ અને હેમંતદવેનો[3] 'સાહિત્યના ઈતિહાસની અભિધારણા' પુસ્તક પરનો લેખ, એક ક્ષેત્રના સમીક્ષકોના બહોળા જ્ઞાનને કારણે મૂળભૂત રીતે સિદ્ધાંત અને વિવેચકના કાર્યને મૂલવે છે.

સાડાત્રણ દાયકાની વિવેચકની વિવેચનપ્રવૃત્તિને આ સમીક્ષકોએ વિવિધ ભૂમિકા અને ઓજારો સાથે તપાસી છે. ત્યારે સ્વાભાવિક રીતે જ બધાનો સૂર એક સરખો ન હોઈ શકે. છતાં એટલું સ્પષ્ટ જોઈ શકાય છે કે કેટલાક સમીક્ષકોએ નિષ્ઠા, અભ્યાસુવૃત્તિ અને પ્રદાન સંદર્ભે વિવેચકના કાર્યને હકારાત્મક દૃષ્ટિબિંદુથી મૂલવ્યું છે. વિવેચકનાં કાર્ય, સામગ્રી અને position વિશે પ્રશ્નો પણ ઊભા કર્યા છે. તો કેટલાક સમીક્ષકોએ અધૂરી, અને વિવેચકના આગ્રહોથી એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં રજૂ ન થયેલી સિદ્ધાંત વિચારણા સામે મૂળભૂત રીતે પ્રશ્નો ઊભા કર્યા છે.

જે તે ભૂમિકાએથી આ સમીક્ષકોએ વિવેચકના કાર્યને પ્રતિપોષણનું બળ અવશ્ય પુરું પાડયું છે. ઉચિત પરિપ્રેક્ષ્યમાં પ્રમાણ્યું છે.

---

૧. સંધિ વર્ષ-૨ , અંક-૧ (જાન્યુ-માર્ચ-૨૦૦૮)
૨. 'શબ્દસૃષ્ટિ' વર્ષ-૩, અંક-૧૦, ઓકટોબર-૧૯૮૬
૩. પ્રત્યક્ષ વર્ષ-૧૧, અંક-૧ જાન્યુઆરી-માર્ચ-૨૦૦૨.